એકાં એકાંતે વાંચીને જાતે પ્રતિક્રમણની વિધિ શીખે છે. પૂર્વજન્મના વિરલ સંસ્કારે હાલચંદ બાલ્યવયમાં જ વૈરાગ્યના વિચારોમાં પ્રવેશે છે એવામાં પૂ. શ્રી બુદ્ધિવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી શાંતિવિજયજી ( પછીથી આચાર્યશ્રી ) મહારાજ પાવડ પધારે છે.

સદ્‌ગુરુનાં વચનો સાંભળીને હાલચંદનું અંતર વધુ વૈરાગ્યમય બને છે. માકુભાઈ શેઠના અમદાવાદથી નીકળેલા પદયાત્રા સંઘમાં જોડાઈને પાલીતાણા પહોંચે છે અને ત્યાં જ સં. ૧૯૯૧ના ચૈત્ર વદિ ૭ને દિવસે ૧૮ વર્ષની ભર યુવાનવયે દીક્ષા અંગીકાર કરે છે; અને મુનિશ્રી શાન્તિ-વિજયજી મહારાજના વિનેય શિષ્યરત્ન મુનિશ્રી સુજ્ઞાનવિજયજી બને છે.

ધર્મના બીજ પર તપ-ત્યાગ અને સંયમસાધનાનું અમીસિંચન થતાં સાધુ-જીવન સોળે કળાએ ખીલી ઊઠયું. જ્ઞાન અને તપમાં વિશાળતા પ્રાપ્ત થતાં સ્વ-પર કલ્યાણનાં કાર્યો થવા લાગ્યાં. ધર્મથી વેરાન જન્મભૂમિમાં રહીને જિનાલય-ઉપાશ્રય-જ્ઞાનમંદિર આદિનું નિર્માણ કરાવ્યું. ધાર્મિકતાનું હર્યુંભર્યું વાતાવરણ સર્જ્યું. સામાયિક, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ ઘેર ઘેર થવા લાગી. બાળકો ધાર્મિક અભ્યાસથી પ્રકાશ પામવા માંડયાં. પૂજ્યશ્રીના સંસારીપણે પિતરાઈ ભાઈ રમણલાલ ઉર્ફે રમણીકભાઈએ પૂજ્યશ્રીના સંપર્કમાં આવતાં સં. ૨૦૦૪માં દીક્ષા લીધી અને મુનિશ્રી રાજેન્દ્રવિજયજી નામ ધારણ કર્યું. ત્યારબાદ પૂજ્યશ્રીના કુટુંબમાંથી મહાસુખભાઈ તથા દિનેશભાઈ વગેરે દીક્ષિત થયા અને મુનિશ્રી સિદ્ધસેનવિજયજી તથા મુનિશ્રી શીલચંદ્રવિજયજી તરીકે જાહેર થયા. પુત્રી કોકિલાબહેન તથા પુત્રી વિમળાબહેન પણ દીક્ષા અંગીકાર કરી સાધ્વીશ્રી શીલયશાશ્રીજી અને સાધ્વીશ્રી શીલપ્રજ્ઞાશ્રીજી તરીકે જાહેર થયાં. એમ પૂજ્યશ્રીના કુટુંબમાંથી છ-છ મુમુક્ષુઓ સંયમમાર્ગે સંચર્યા. પૂજ્યશ્રીની નિશ્રામાં અનેકવિધ પ્રભાવનાઓ થતી રહી. હમણાં જ સં. ૨૦૪૮ના જેઠ મહિનામાં અમદાવાદ મુકામે પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા.

---

## સમર્થ સાહિત્યસર્જક, કુશળ પ્રવચનકાર, મહાન શાસનપ્રભાવક અને ઘોળકા સ્થિત સુપ્રસિદ્ધ કલિકુંડ તીર્થના પ્રેરક-માર્ગદર્શક

# પૂ. આ. શ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યશ્રીનો જન્મ થરાદ શહેરથી છ માઈલ દૂર આવેલા મોટી પાવડ ગામે થયો. પિતા બાદરમલ અને માતા પાર્વતીબહેનને ત્યાં સં. ૧૯૯૩ના માગશર સુદ ૭ના દિવસે પુત્રરત્નનો જન્મ થયો. બાળકનું નામ રમણભાઈ પાડયું. પાવડનું આ શેઠ કુટુંબ સુખી હતું, પણ રમણભાઈને બાળપણથી અન્ય પ્રવૃત્તિઓ કરતાં ધર્મમાં વિશેષ રુચિ હતી. એવામાં સંસારીપણે પિતરાઈ ભાઈ ત્યાગમૂર્તિ મુનિરાજશ્રી સુજ્ઞાનવિજયજી મહારાજ પાવડ પધારતાં અને બાળક રમણને તેઓશ્રીનો સમાગમ થતાં રમણભાઈ ધર્મના રંગે રંગાઈ ગયા. માત્ર ૧૦ વર્ષની કુમળી



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વચ્ચે સં. ૨૦૦૪ના ફાગણ સુદ ૩ને શુભ દિવસે ભાભર પાસે લુંદરા ગામે મહોત્સવપૂર્વક સંયમમાર્ગ સ્વીકાર્યો અને મુનિશ્રી રાજેન્દ્રવિજયજી નામ ધારણ કર્યું.

મુનિરાજને બાળપણથી ધાર્મિક અભ્યાસમાં રસ હતો. તેમાં પૂ. ગુરુદેવનું માર્ગદર્શન ઉમેરાયું. તેથી તેઓશ્રીએ ધર્મશાસ્ત્રો, ન્યાય, યોગ, વ્યાકરણ આદિનો ગહન અભ્યાસ કરી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી ભાષા પર અપૂર્વ પ્રભુત્વ મેળવ્યું. વાચન-મનનને પરિણામે લેખન-કાર્યમાં પણ આગળ વધ્યા. પૂજ્યશ્રીને હસ્તક એક પછી એક ધર્મગ્રંથોની રચના થઈ. તેઓશ્રીના સાહિત્યમાં ચૈતન્યનો ચમત્કાર, સાધનાનાં સોપાન, તરણીનાં તેજ, સાધુતાની સૌરભ, જીવનજાગૃતિ, જીવનમંગલ, જીવનઝંકાર, જીવનજ્યોત જલે, હીરાનો હાર આદિ ગ્રંથો મુખ્ય છે અને ઘણા લોકપ્રિય થયા છે. એવી જ રીતે, પૂજ્યશ્રીએ શ્રાવક પ્રજ્ઞપ્તિ, નંદ્યાવર્ત મહાપૂજન, શાંતિસંકીર્તન, પર્વકથાસંગ્રહ આદિ ગ્રંથો સંપાદિત કર્યા છે. પૂજ્યશ્રીના સતત પુરુષાર્થથી 'શાંતિસૌરભ' નામનું માસિક અવિરત પ્રકાશિત થતું રહે છે. સાહિત્યસર્જનની સાથે સાથે પ્રવચનની અનોખી છટા પણ પૂજ્યશ્રીની આગવી વિશેષતા છે. સોળ વર્ષ પૂજ્ય ગુરુદેવશ્રીની છાયામાં રહીને જ્ઞાન-ધર્મનો પ્રચાર કરતા રહ્યા. ત્યાર પછી પૂ. દાદાગુરુશ્રી શાંતિચંદ્રસૂરિજી મહારાજનું સ્વાસ્થ્ય બરાબર ન રહેતાં ૯ વર્ષ સુધી તેઓશ્રીની સેવામાં રહ્યા. દરમિયાન પૂજ્યશ્રી રામાયણ-મહાભારત પર ધર્મમય, જ્ઞાનમય, ભક્તિમય પ્રવચનો આપીને વિશાળ જનસમુદાયને આકર્ષતા રહ્યા.

સં. ૨૦૨૯ના જેઠ સુદ ૪ના દિવસે ભાભર મુકામે પૂ. દાદાગુરુની ઇચ્છાને આધીન, અંજનશલાકા મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીને ગણિ-પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા. આ પ્રસંગના પંદરમા દિવસે પૂ. દાદાગુરુનો વિયોગ થયો. પૂજ્યશ્રીએ સંયમજીવન સ્વીકાર્યા પછી ૨૫મા વર્ષે સ્વતંત્ર ચાતુર્માસ કર્યું. મુંબઈમાં યાદગાર ચાતુર્માસ કર્યાં. ગોરેગાંવમાં ઉપધાન, થાણાનો છ'રીપાલિત સંઘ, શ્રીપાલનગર-વાલકેશ્વરમાં ઉપધાન અને બે કુમારિકાઓનો દીક્ષા-મહોત્સવ આદિ ખૂબ યાદગાર ચાતુર્માસ થયા છે. ત્યાર બાદ કલિકુંડ તીર્થના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયકનકપ્રભસૂરીશ્વરજી મહારાજ આદિ આચાર્યદેવોની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે સં. ૨૦૩૮ના ફાગણ સુદ બીજ ને ગુરુવારે પૂજ્યશ્રીને આચાર્યપદવી અર્પણ કરવામાં આવી. અને પૂ. પંન્યાસજી આચાર્યશ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ બન્યા. પૂજ્યશ્રી શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યો પાર પાડવા માટે સુદીર્ઘ અને સ્વાસ્થ્યપૂર્ણ જીવનરિદ્ધિ પામો એવી અભ્યર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણારવિંદમાં કોટિશઃ વંદના !

( સંકલન : શ્રી અરવિંદભાઈ બી. ગાંધીના લેખને આધારે ).



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org